| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૧૮.૧૦.૨૦૨૨ | | |
| દાખલ તારીખ | :: | ૧૮.૧૦.૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | :: | ૨૧.૧૦.૨૦૨૨ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૦૩ |

सत्यमेव जयते

## મહીસાગર જીલ્લાના મહેરબાન સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.લુણાવાડા

**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૪૯૬/૨૦૨૨**

**આંક–**

**અરજદાર :–** **લક્ષ્મણભાઈ રાયસીંગભાઈ ચુનારા**
ઉ.વ.પુખ્ત, ધંધો.ખેતી,
રહે, મુ. પો.અજરોલી,
તા.ઠાસરા, જી.ખેડા.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** **શ્રી સરકાર**

**બાબત:–** **ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૯ મુજબ જામીન અરજી...**

| |
|---|
| અરજદાર તરફે વિ.વકીલશ્રી **વાય.એ.શેખ** |
| સામાવાળા તરફે વિદ્વાન ડી.જી.પી.શ્રી **એસ.આર.ડામોર** |

**–: ઠ રા વ :–**

(૧) અરજદારની અરજીની વિગત એવી છે કે, આ કામના અરજદાર વિરૂધ્ધ બાલાસીનોર પોલીસ સ્ટેશન પ્રોહીબીશન ગુના રજીસ્ટર નં. ૧૧૧૮૭૦૦૨૨૨૦૬૩૧/૨૦૨૨ થી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ), ૬૫(ઈ), ૯૮(૨) મુજબનો ગુનો તા.૧૪/૧૦/૨૦૨૨ ના રોજ નોંધાતા હાલના અરજદાર તા.૧૫/૧૦/૨૦૨૨ના રોજથી જયુડીશીયલ કસ્ટડીમાં હોઇ જેથી હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારના વિધ્વાન વકીલશ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, અરજદાર નિર્દોષ છે આ કામે ખોટી રીતે સંડોવી દીધેલ છે. તેમજ અરજદાર ખેડા જીલ્લાના ઠાસરા તાલુકાના કાયમી રહેવાસી છે તેમજ નાશી ભાગી જાય તેમ નથી. કેસની ટ્રાયલ ચાલતાં લાંબો સમય લાગે તેમ છે. આથી અરજદારને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૩) વિધ્વાન સરકારી વકીલશ્રીએ અરજદારની જામીન અરજીનો વિરોધ કરતાં જણાવેલ છે કે, અરજદાર પાસેથી પરપ્રાંતિય દારૂની તથા બિયરની બોટલો જેની કિંમત રૂા.૧૨,૨૪૦/- (અંકે રૂપિયા બાર હજાર બસો ચાલીસ પુરા) ની માતબર રકમનો મુદ્દામાલ પકડાયેલ છે. આથી આરોપી આવા ગુનાના કાયમી ગુનેગાર છે. આવા ગુનેગારને જામીન મુકત કરવામાં આવે તો ફરીથી આવો ગુનો કરે તેવી પુરી શકયતા છે. આથી અરજદારની જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામે રજુ થયેલ તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધાં.

(૫) આ કામમાં ફરીયાદપક્ષના કેસ પ્રમાણે આરોપી પાસેથી રૂા.૧૨,૨૪૦/- (અંકે રૂપિયા બાર હજાર બસો ચાલીસ પુરા) નો મુદ્ધામાલ પકડાયેલ છે. કેસની ટ્રાયલ ચાલતાં લાંબો સમય જાય તેમ છે. તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ જોતાં અરજદારનો કોઇ ગુનાહિત ભુતકાળ નથી. અરજદાર ખેડા જીલ્લાના ઠાસરા તાલુકાના કાયમી રહેવાસી હોઇ અરજદારોને જામીન ઉપર મુકત કરવાનું ન્યાયના હિતમાં ઉચિત જણાય છે. તેથી નીચે મુજબનો હુકમ કરૂં છું.

## :: હુકમ ::

(૧) અરજદાર/આરોપીની ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૪૩૯ અન્વયે જામીન મુકત થવાની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**(૨)** અરજદાર/આરોપીએ રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા ટ્રાયલ કોર્ટમાં આપ્યેથી બાલાસીનોર પોલીસ સ્ટેશન પ્રોહીબીશન ગુના રજીસ્ટર નં. ૧૧૧૮૭૦૦૨૨૨૦૬૩૧/૨૦૨૨ થી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ), ૬૫(ઈ), ૯૮(૨) મુજબના કામે નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:–**

(૧) અરજદાર/આરોપીએ આ કામે ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી દર માસની ૧લી તારીખે સવારે ૯–૦૦ થી ૧૧–૦૦ ના સમયમાં સંબંધિત પોલીસ સ્ટેશને હાજરી પુરાવવી.

(૨) અરજદાર/આરોપીએ કોર્ટની પૂર્વ પરવાગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૩) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને તોડવા ફોડવા કે ચેડાં કરવા નહીં.

(૪) અરજદાર/આરોપીને તપાસ કરનાર અમલદાર તપાસના કામે જયારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં તપાસના કામે હાજર રહી સંપુર્ણ સાથ સહકાર આપવો.

(૫) **અરજદાર/આરોપી તથા જામીનદારે જે પોલીસ સ્ટેશનના હકુમતવાળા વિસ્તારમાં રહેતાં હોય તે પોલીસ સ્ટેશનના મુખ્ય અધિકારી દ્વારા અરજદાર/આરોપી અને જામીનદારના રહેઠાણની ખરાઇ કર્યા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવું અને તે પ્રમાણપત્ર ટ્રાયલ કોર્ટમાં રજુ કર્યેથી જ તેઓના જામીન સ્વીકારવા.**

**(૩)** આ હુકમની જાણ હકુમત ધરાવતા પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ ૨૦મી માહે ઓકટોબર, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦.૧૦.૨૦૨૨
લુણાવાડા.

**(હેમંતકુમાર અરવિંદરાય દવે)**
સેશન્સ જજ, લુણાવાડા, જી.મહીસાગર.
જીજે૦૦૩૮૫

એમ.એ.કાદરી
ગુજ.સ્ટેનો.